**ફોજદારી ઈન્કવાયરી નં.૦૭/૨૦૨૫**

**આંક–૧ લગત હુકમ**

**૧.** ફરીયાદની ટુંકી હકીકત છે કે, આરોપીએ **લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ ની કલમ–૨૨(ક), ૧૮ તથા લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૬૧ ના નિયમ–૨૨, ૨૫(૧)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં આવેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૩ મુજબ ફરીયાદની ઉપર કોગ્નીઝન્સ લેતા પહેલા, આરોપીને સાંભળવાની જોગવાઈ કરવામાં આવેલ હોવાથી હાલની ફરીયાદ હેઠળ આરોપીને શો–કોઝ નોટીશ કાઢવામાં આવેલ હતી.

**૨.** આરોપીને નોટીસની બજવણી થવા છતાં, આરોપી કે તેઓ તરફે કોઈ હાજર ન થતા, તેઓને હાજર થવા મુદત નાખવામાં આવેલ હતી. આજરોજ તેઓની રીશેષ સમય બાદ પણ રાહ જોવામાં આવેલ છે તેમજ અવાર–નવાર પોકાર કરવામાં આવેલ છે. તેમ છતાં આરોપી તરફે કોઈ હાજર નથી કે કોઈ રીપોર્ટ નથી. આમ, કાયદા મુજબ આરોપી વિરૂધ્ધ સંજ્ઞાન લેતા પહેલા આરોપીને સાંભળવાની તક આપવાની હોય છે જે હાલના આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપીએ તે તક જતી કરેલ છે. તેમની ગેરહાજરીથી માનવાને થાય છે કે, તેઓને ફરીયાદ બાબતે કઈ કહેવું નથી. જેથી ફરીયાદ મુજબના ગુના સબબ તેઓની વિરૂધ્ધ સંજ્ઞાન લેવાનો હુકમ કરવો જરૂરી અને ન્યાયોચીત જણાય છે.

**3.** આમ, આરોપીને ફરીયાદ બાબતે કઈ કહેવુ નથી. તેથી તેઓ ગેરહાજર રહેલ છે, તેમ માની આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો તથા તેની સજાની જોગવાઈઓ ધ્યાને રાખી, તમામ રેકર્ડ તથા ઉપરોકત ચર્ચાના આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

હાલની ક્રિમીનલ ઈન્કવાયરી મંજુર કરી, આરોપી સામે આક્ષેપિત ગુનાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે. હાલની ક્રિમીનલ ઈન્કવાયરી કોમ્પ્યુટરમાં ફેંસલ કરી, ફોજદારી કેસ નંબર પાડવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને ફરીયાદની નકલ સાથે સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮.૦૫.૨૦૨૬
સુરેન્દ્રનગર.

(પી.જી. સોની)
લેબર જજ (એસ.ડી.)
મજુર અદાલત, સુરેન્દ્રનગર
જજ કોડ નં.જી.જે.૦૦૩૯૭